વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૯ : અંક - ૮ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : મે ૬, ૨૦૨૧

# ઓમ શાંતિ!

આ મહામારીએ કેટકેટલાંના જાન લીધા, ધંધા-રોજગાર બંધ કર્યા, લોકોને ખાવાના સાંસા પડી ગયા... માનસિક પરિતાપ વધાર્યો જેણે બીજી બીમારીઓને જન્મ આપ્યો. બાળકોનું શિક્ષણ રખડ્યું... લોકોને ભયભીત કરી દીધાં. ત્રાહિમામ પોકારી ગયાં.. કેટકેટલાંયે પોતાનાં સ્વજનો ગુમાવ્યા. બાળકોને અનાથ કર્યાં. 'સેવા' એ તેનાં ઘણાં સભ્યો, આગેવાનો, સંગઠકો અને તેમનાં કુટુંબીજનો ગુમાવ્યા... આજનો અંક સેવાએ ગુમાવેલાં કેટલાંક સંગઠકો, આગેવાનો તથા બાહોશ, મહેનતુ એવા સ્વજનોને શ્રદ્ધાંજલિ આપતો છે અને આ અંકમાં આટલાંનાં જ નામ લીધા છે, પણ એવા અનેકો અનેક નામી-અનામી સૌને આ અંકથી શ્રદ્ધાંજલિ આપીએ છીએ. હવે તો ઓમ શાંતિ લખતાં આંગળીઓના ટેરવાં કંપે છે-થાકે છે... બસ હવે તો ખમૈયા કરો...

**— મનાલી**

❑

## શ્રદ્ધાંજલિ

## લાભુબેન



ત્રીસ દાયકાથીય વધુ સમયથી મારા પ્રિય સાથી. પ્રેમાળ સ્વભાવનાં ખંતપૂર્વક કામનાં સંગઠક. તેમના માટે હમેશાં સભ્યો કેન્દ્રમાં અને બીજું સહકારિતામાં અતૂટ વિશ્વાસ. જ્યારે લોકસ્વાસ્થ્ય મંડળીની નોંધણી ૧૯૮૦માં કરવી હતી ત્યારે લાભુબેને મને ખૂબ જ સાથ અને હૂંફ આપી. ત્યારે મને મંડળી અંગે ઓછો અનુભવ. તેમણે મને બધું શીખવ્યું અને શ્રી મુલાણી સાહેબ સાથે મેળવી આપી. બે વર્ષ સુધી રજિસ્ટ્રારને ત્યાં આંટા-ફેરા ખાધા. તેમણે મને આશ્વાસન આપ્યું, ચિંતા ના કરશો બધું થઈ જશે. અને થયું તો ખરું જ! એવી રીતે વીમો સેવામંડળીની નોંધણીમાં ખૂબ જ પ્રોત્સાહન આપ્યું.

મંડળીની તમામ બાબતોમાં લાભુબેન નિષ્ણાંત હતાં. બેનોનું સંગઠન કરવું, પેટા કાયદા બનાવવા અને રજિસ્ટ્રારને ત્યાં રજૂઆત કરવી, વાર્ષિક સાધારણ સભા, ઓડિટ વહીવટ દરેકનાં જાણકાર. લોકસ્વાસ્થ્ય, સંગિની અને વીમોની ચૂંટણી કરાવે. ૨૦૧૫માં જ્યારે ફેડરેશનના બોર્ડમાં મારી પ્રમુખ તરીકે નિમણૂંક થઈ ત્યારે તેમણે કહ્યું કે, 'હું છું ને. હું ઓછામાં ઓછા ૨ વર્ષ એમ.ડી. રહીશ અને સાથ આપીશ. ખરેખર એમણે સાથ તો આપ્યો પણ એનાથી વિશેષ તેમણે સખત મહેનત કરી, તેમનું સપનું હતું કે ફેડરેશનનો વ્યાપ વધે-સેવાઓ વધે. તેમણે મંડળીઓની સેવા કરી તેમને પગભરતા તરફ લઈ ગયા અને ફેડરેશન પોતે જલ્દી પગભર થયા. ધંધામાં તેમની ઊંડી સમજ, હિસાબ મિનિટ્સ રાખવામાં ખૂબ જ પાકા!

અમે સાથે મળીને મેઘા મંડળીની રચના કરી આફ્રિકામાં સેવાનું કામ લઈ ગયા અને એન.સી.યુ.આઇ. (રાષ્ટ્રીય સહકારી સંઘ) તથા ગુજરાત રાજ્ય સહકારી સંઘમાં સેવા ફેડરેશનનું જોડાણ વધાર્યું. બેંગ્લોર, તાન્ઝાનિયા, દિલ્હી અને અમદાવાદ... ઉત્સાહી તો એવા કે તાન્ઝાનિયા ગયા ત્યાં ખૂબ જ કાજુ... અને લાભુબેન ખાવાના શોખીન. ત્યાં પોતે કાજુ ખાધા અને બહેનોને ખવડાવ્યા.

ફેડરેશનમાં સેવા તથા સહકારિતામાં એમનો અમૂલ્ય ફાળો ખૂબ જ યાદ કરીશું... તેમના સહકારી વ્યાપ વધારવાના સ્વપ્નો પૂરા કરવાનો પ્રયત્ન કરીશું. વ્હાલા સાથી લાભુબેન આજે તમને મારા નમ્ર વંદન.

**મીરાઈ ચેટરજી, પ્રમુખ,**
**શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ**

●

## દિવ્ય આત્માશ્રી લાભુબેનઃ 'પ્રભુ એમના આત્માને શાંતિ આપે'

શ્રી લાભુબેન એક પવિત્ર જીવ હતા. હું તેમના પરિચયમાં ૧૯૯૪માં અમારી મંડળી રજિસ્ટર કરી ત્યારથી હતી. તેમના સ્વભાવ મુજબ ક્યારેય તેઓ કોઈને દુઃખી જોઈ શકતાં નહોતાં. લાભુબેન 'સેવાના યજ્ઞમાં' મંડળી માટે ઘણું બધું યોગદાન આપનાર એક શ્રેષ્ઠ સલાહકાર હતાં.

ફેડરેશનમાં લાભુબેન અને જયાબેનની જુગલજોડી ગણાતી હતી. અમે ફેડરેશનમાં જઈએ તો કહેતાં, 'જ્યોત્સના-ભારતી મંડળીનો વહીવટ પારદર્શક હોવો જોઈએ' અને જ્યારે અમે બેસીએ તો મંડળી વિશે ઘણાબધા સૂચન આપતાં. અમને મુશ્કેલી જેવું લાગે તો લાભુબેનનો સંપર્ક અમે કરતાં તો તે જયાબેન દ્વારા સૂચન કરી યોગ્ય રસ્તો બતાવતા. એમણે અમારી તૃપ્તિ મંડળીને સાધનસામગ્રી પણ આપેલ છે. લાભુબેન અને જયાબેન ગોધરાકાંડ વખતે અમારી મંડળી સાથે રાતદિવસ ૧ મહિના સુધી રહીને કામમાં મદદ કરી હતી. જ્યારે રાત્રે અમદાવાદમાં ચારેબાજુ કરફ્યુ હતો ત્યારે પણ અમને હોટલમાંથી લાવી રાત્રે જમાડતા. તેઓ કહેતા કે ભૂખ્યા ના રહેવાય, તમારા બાળકો નાના છે. તેઓ ખરેખર સાચા અર્થમાં મંડળીઓના પ્રેરકબળ હતા. શ્રી લાભુબેન કોઈ પણ મંડળી હોય તેને તેમનો જીવ ગણતા હતા અને મંડળીના વહીવટી કામમાં ઘણા બધા સુધારા હોય કે મુશ્કેલી તેઓ લલિતાજીના માર્ગદર્શન મુજબ યોગ્ય રસ્તો કરીને મંડળીને યોગ્ય રસ્તો બતાવતા. શ્રી લાભુબેન સદાય અમારા પ્રેરક હતા અને રહેશે. એના જેવું કોઈ અમારી સાથે આત્મીયતા નહીં રાખી શકે. બસ પ્રભુને એક જ પ્રાર્થના કે - દિવ્ય આત્માને શાંતિ આપે.

'ઓમ શાંતિ'

**— જ્યોત્સનાબેન, ભારતીબેન**

●

## શ્રી સૌંદર્ય સફાઈ ઉત્કર્ષ મહિલા સેવા સંઘ લિ .

આપણા લાડલા સ્વ. લાભુબેનને સૌંદર્ય સફાઈ મંડળીના સ્ટાફ અને કારોબારી સભ્યો વતી કોટીકોટી વંદન. સૌંદર્ય મંડળીમાં કંઈ પણ પ્રશ્ન હોય કે મુશ્કેલી હોય તો તેમનું માર્ગદર્શન અને તેમની મદદ ખૂબ જ ઉપયોગી નીવડ્યા છે. ફેડરેશનના પ્રોજેક્ટ થકી સૌંદર્ય મંડળીમાં હાઉસકીપિંગના સાધનો લાવવામાં તથા આ આધુનિક સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ મંડળીની બહેનોને અપાવવાનું કામ પણ તેમણે જ કર્યું હતું. મંડળીના હિસાબ-કિતાબ તથા મંડળીના ઓડિટ વખતે પણ તેઓ મદદ કરતા અને માર્ગદર્શન આપતા. ટૂંકમાં મંડળીને આગળ વધારવામાં તથા પગભરતા તરફ લઈ જવામાં તેમનું સારું એવું યોગદાન રહ્યું છે તે કદાપી ભૂલાય નહીં.

તેઓ સંસ્થાના સક્રિય અને ઉમદા વ્યક્તિ હતાં. તેમનું જીવન એક પ્રેરણાસ્રોત હતું. હંમેશાં તેમની પ્રેરણા અને તેમનું માર્ગદર્શન યાદ રહેશે. આપના ઉત્તમ કાર્યો અને નિઃસ્વાર્થ સેવાની ભાવનાથી સુશોભિત આપની સ્મૃતિ અમારા સૌના અંતઃકરણમાં અનંત કાળ સુધી પ્રજ્વલિત રહેશે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે અને તેમના પરિવાર પર આવી પડેલ આ દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રભુને પ્રાર્થના.

***'સમય તમારો ઓછો હશે એવી ક્યાં ખબર હતી***
***વિદાય તમારી અણધારી હશે એવી ક્યાં ખબર હતી'***

**— સૌંદર્ય સફાઈ ઉત્કર્ષ મહિલા સેવા સંઘ લિ.ના પ્રમુખ તથા કારોબારી સભ્યો**

●

## અમારા લાભુબા

અમે એમને પ્રેમથી લાભુબા કહીને બોલાવતા ત્યારે તેમના ચહેરા ઉપર એક નિખાલસ સ્મિત આવી જતું. બહુ જ ઓછા સમયમાં તે અમારી સાથે એ રીતે ભળી ગયા હતા જાણે અમારા એક કૌટુંબિક સભ્ય હોય. તેઓ જ્યારે પણ મારી પાસે કોમ્પ્યુટરના કામ માટે આવતા તો હસતા જ આવે ને મને કહે, 'મારું આટલું કામ કરી આપોને. મારે આજે મોકલવાનું છે.' જો હું બીજા કોઈ કામમાં હોઉં અને કહું બા થોડીવાર પછી કરી આપીશ, અત્યારે હું બીજા કામમાં છું, ત્યારે તે હસીને કહેતા, 'પણ મને આજે કરી આપજો!' ક્યારેય પણ મેં એમને ગુસ્સે થયેલા જોયા જ નથી. જે કામ હાથ પર લે તે પૂરું કરીને જ રહેતા. આમ કામ પ્રત્યેની તેમની નિષ્ઠા અને વફાદારી જોઈને અમને પણ પ્રેરણા મળતી. તેઓ હંમેશાં કોઈ પણ કામમાં ઉત્સાહી રહેતાં અને ક્યારે કોઈ કામ ન થઈ શકે તેવું માનતા જ નહોતા. જ્યારે તેઓ મોરબી જવાના હતા ત્યારે મારી સાથે ફોનથી વાત કરેલી. તેમને થોડા ડોક્યુમેન્ટ્સ સ્કેન કરવા હતાં ત્યારે મેં તેમને કહ્યું, 'પહેલાં તમે તમારી તબિયત સાચવો પછી તમારા બધા કામ પતાવીશું પણ તે માનતા જ નહોતા.' મારે આ કામ કરીને જ મોરબી જવું છે. ઘણા સમજાવ્યા પછી તે મોરબી ગયા પણ અમને આવી ખબર હોત કે તે મોરબીથી ક્યારેય પાછા જ નહીં આવે તો અમે તેમને મોરબી જવાનું જ ના કહેતા. અમારા લાભુબા અમને ક્યારેય નહીં વિસરાય....

**— લલિતા**
**સેવા યુનિયન**

●

## લાભુબેન શ્રદ્ધાંજલિ

૧૯૮૯-૧૯૯૦ એમ બે વર્ષની દોડધામ પછી લોકસ્વાસ્થ્ય મંડળીની નોંધણી થઈ ત્યારથી લાભુબેનને ઓળખતી થઈ. મને એટલી ખબર કે ધંધાકીય આવડત કે બીજી તાલીમ અમારે કાર્યકર્તાને હોય તો ફેડરેશન દ્વારા તાલીમ આપવામાં આવતી. હું દવાની દુકાનમાં એટલે નજીકથી કામ ના કરું, પણ જ્યારે દક્ષિણ ગુજરાત મેઘા મંડળી બનાવી ત્યારે લાભુબેન, બીજલબેન સાથે થોડા નજીક આવ્યાં અને ત્યારે અમને વિચાર આવ્યો કે દરેક સભ્યોને રોજગારી, બચત, ગટર, આરોગ્ય એ બધાની જરૂર છે તો આપડે જે કામ છૂટા કરીએ છીએ તે બધાં સાથે મળીને આયોજન બનાવીએ તો? અને અમે કામ શરૂ કર્યું ત્યારે લાભુબેન સાથે વધુ નજીકથી કામ કરવાની તક મળી.

લાભુબેનને સેવા ફેડરેશન અને મંડળીનું કંઈ પણ કામ હોય, હર હંમેશાં તૈયાર જ રહેતાં. મંડળીઓનાં વિચારથી માંડી તેના નાણાભંડોળ-અમલીકરણ અને પગભરતાની આગેવાની લઈ ૧૦૬ મંડળી માટે કાયમ ચિંતાશીલ રહેતા.

તેમની જમીનસ્તરથી માંડી નીતિ સુધી સહકારી મંડળીની વાત કઈ રીતે રજૂ કરવી તેની સમજ ખૂબ જ સ્પષ્ટ અને સચોટ. એમની સાથે એવું પોતાપણું કે અનાયાસે લાભુમાસી કહેવાઈ જતું અને કંઈ પણ ચર્ચા કરવી હોય હમેશાં ડબ્બો ખોલે ને ડબ્બા પે ચર્ચા કરતાં.

હું ફેડરેશનમાં જોડાઈને ગમે ત્યારે ફોન કરું અને કંઈ પણ પૂછું તો તેઓ સાચું માર્ગદર્શન આપે. એકદમ નિખાલસતાથી નિષ્પક્ષ રીતે સાચી દિશા આપે, એમના મનમાં સેવા- સભ્યો- મંડળી ને ફેડરેશન હમેશાં કેન્દ્રમાં રહેતા. એમના અધૂરાં કાર્યો પૂરા કરીશું. પ્રભુ એમના આત્માને શાંતિ આપે.

**– મિત્તલ શાહ, મેનેજિંગ ડિરેક્ટર,**
**શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ**

•

છેલ્લા ૨૫ વર્ષથી હું અને લાભુબેન સાથે કામ કરતાં હતાં. ખાસ તો ફેડરેશનને બનાવવામાં અમે બંનેવ એકબીજાનાં પૂરક હતાં. અમે હંમેશાં એકબીજાનાં અભિપ્રાયોને માન આપ્યું એટલે ભાગ્યે જ અમારી વચ્ચે કોઈ ઘર્ષણ ઊભું થયું. તેઓ ફેડરેશનનાં પર્યાય હતાં અને સેવાનાં તમામ પાયાનાં આગેવાનો કોઈ પણ સમસ્યાનાં ઉકેલ માટે સૌથી વધુ તેમની મદદ લેતાં હતાં. ગણેશપુરા સહકારી મંડળીનો જમીનનો મુદ્દો હોય કે મત્સ્યગંધા સહકારી મંડળીને પુનર્જીવિત કરવાની હોય આ બધામાં લાભુબેનની ભૂમિકા અગ્રેસર રહી છે. 'કાર્યસિદ્ધ' અને અન્ય ઘણી સહકારી મંડળીઓને આર્થિક રીતે સક્ષમ બનાવવામાં એમનો સિંહફાળો છે.

તેઓ કોઈ પણ કામને ખૂબ ઉત્સાહ અને ખંતથી પૂરું કરતાં. સહકારી મંડળીઓની ક્ષમતા અને સંચાલન કુશળતા વધારવા ઉપર હંમેશાં ભાર મૂકતાં. લાભુબેન હંમેશાં નવું શીખવા તત્પર રહેતાં. તેમણે મને કહ્યું હતું, 'લતાજી હવે મને ક્રાફ્ટની સહકારી મંડળીઓ વિશે પણ ઘણું જ્ઞાન છે અને એમાં ખૂબ રસ પણ પડે છે.' તેમની સાથે કામ કરતાં બધાં બહેનોને અંગત રીતે પણ તેઓ ખૂબ ટેકો આપતાં.

લાભુબેનની તોલે કોઈ ન આવે.....

**– લલિતાજી**

•

લાભુબેન એટલે 'સહકારી મંડળીઓ'નું હરતું ફરતું એન્સાયક્લોપીડિયા. છેલ્લા ૩-૪ વર્ષથી શહેર સંગઠનમાં 'ગીતાંજલી' અને 'રચયિતા' બાંધકામ બહેનોની મંડળીના કામમાં જોડાયેલાં. સાદા, મળતાવડાં એવા લાભુબહેન આવી રીતે જતાં રહેશે તેવું તો વિચાર્યુ જ ન હતું. હજુ ઘણું કરવાનું બાકી છે ને તે આપણને છોડીને ગયાં! ભદ્ર ઐતિહાસિક વેચનાર બજાર અને જમાલપુર ફૂલબજારના ટ્રસ્ટ બનાવવા માટેનું બંધારણ, વકીલ સાથેની માથાકૂટો એમણે જ કરી છે. આ બજારોની ટ્રસ્ટમાં નોંધણીની અરજી રીજેક્ટ થઇ, અપીલમાં ગઇ ને જીત્યાં.. તેમાં તેમનો ભરપૂર ફાળો. આ બન્ને સભ્યઆધારિત ટ્રસ્ટ એમની મહેનતે જ બન્યા.

સેવાની 'સહકારી ચળવળ' ને હંમેશા લાભુબેનની ખોટ સાલશે..

**– મનાલી**

•


પ્રિય ચિ. લાભુબેન, આ શું કર્યું તમે! જતાં પહેલાં મને પૂછ્યું નહીં, તમારી અગાઉની માંદગીની જેમ? આજે તમારી ખોટ મને બહુ લાગે છે. ઓમ શાંતિ!

લિ. તમારી 'બહેન'

## 'ન જાણ્યું જાનકીનાથે, કાલે સવારે શું થવાનું છે'

**નસીમબેન અબ્દુલભાઈ અજમેરી**

ઉંમર : ૫૫ વર્ષ



નસીમબેન મૂળ ધર્મજ ગામના વતની. વર્ષોથી તેઓ ત્યાં જ રહેતા હતા. ૨૦૦૨ના કોમી રમખાણ બાદ પોતાનું વતન છોડી અમદાવાદ ફતેહવાડી વિસ્તારમાં રહેવાં લાગ્યાં. તેમના પરિવારમાં તેમના પતિ, એક દીકરી, બે દીકરા અને બે દીકરાની વહુઓ. નસીમબેન પોતે ઓછું ભણેલા પણ શિક્ષણનું મહત્ત્વ સમજી તેમના દીકરા-દીકરીને ભણાવ્યા. નસીમબેન પોતે ઘરે સિલાઈકામ કરતા હતા. તેમના પતિ છૂટક મજૂરી કરતાં. તેમણે તેમનું વતન છોડીને ફતેહવાડી વિસ્તારમાં વસવાટ કર્યો. ત્યાં મુસ્લિમ કોમ્યુનિટીના લોકો હતાં. આ વિસ્તારમાં મોટા ભાગના લોકોમાં શિક્ષણ, રોજગારી તથા એરિયાની સુવિધાના પ્રશ્નો હતા. તેમને પહેલેથી જ લોકો માટે કંઈક કરવાની ભાવના હતી.

તેમને વિચાર આવ્યો કે આ બહેનોમાં જાગૃતતા લાવવા માટે શિક્ષણ જ આપવું જોઈએ. આ વિચાર સાથે તેઓએ ૨૦૦૭માં સેવા અકાદમીમાં સાક્ષરતા વિભાગમાં આવી પોતાના એરિયાની પરિસ્થિતિની જાણ કરી અને સાક્ષરતાના ક્લાસ લીધા તેમ જ સાક્ષરતા વર્ગની સાથેસાથે ૭થી ૧૫ વર્ષની કિશોરીઓની આકાશગંગા ક્લબ ચલાવતા. આ પ્રવૃતિની સાથેસાથે તેમણે સેવા અકાદમીની જુદી-જુદી તાલીમો લીધી અને એરિયાની બહેનોને પણ અપાવી. નસીમબેન જ્યારે પણ મિટિંગ કે તાલીમમાં આવે ત્યારે તેમના એરિયાની કંઈક ને કંઈક રજૂઆત કરતા. ૨૦૦૯માં કૌશલ્ય કેન્દ્રની શરૂઆત થઈ તો નસીમબેને તેમના એરિયામાં કૌશલ્ય કેન્દ્ર શરૂ કરાવ્યું. જેમાં સ્કીલ ડેવલપમેન્ટ તાલીમ, સાક્ષરતા વર્ગો, આકાશગંગા ક્લબ, બાળકોનું શિક્ષણ, કોમ્પ્યુટર ક્લાસ તેમજ મોબાઈલવાન દ્વારા રિપ્લે જેવી પ્રવૃતિઓ તેમના એરિયામાં કરાવી અને બહેનોને સેવા અકાદમી સાથે જોડી સ્કીલ ડેવલપમેન્ટ તાલીમ દ્વારા ઘણીબધી બહેનો અને કિશોરીઓએ રોજગારી મેળવી પગભર બની. નસીમબેને ફતેહવાડી અને તેમની આસપાસના વિસ્તારના ૧૦ આગેવાનો તૈયાર કર્યા, જેઓએ પણ સેવા અકાદમીની જુદી-જુદી પ્રવૃતિમાં ભાગ લીધો. નસીમબેને કિશોરીઓ અને બહેનો માટે તો કામ કર્યું પણ સાથે-સાથે વડીલ ભાઈઓ અને બહેનો માટે કામ કર્યું અને આ બધાને જુદી-જુદી સરકારી યોજનાની માહિતી આપી અને લાભ અપાવ્યો.

સેવામાં સર્વધર્મ સમભાવની ભાવના છે, તે નસીમબેને ખરા અર્થમાં તેમના કામમાં, જીવનમાં અને મૂલ્યોમાં ઊતાર્યું. આ સર્વધર્મ સમભાવનો અને કોમી એકતાનો સંદેશ તેમના એરિયામાં પહોંચાડવા માટે હિન્દુ-મુસ્લિમના જુદા-જુદા તહેવારોની ઉજવણી તેમના એરિયામાં કરાવતાં. તેમાં બહેનો, ભાઈઓ, કિશોર-કિશોરીઓ અને બાળકોને પણ જોડતાં. આ ઉજવણી અકાદમીમાં થાય તો એરિયાના બહેનોને સાથે લાવતા. સેવાના કામના રંગમાં તેમણે પણ પોતાનાં ઘરનાં બધા સભ્યોને જોડ્યા. સાથે તેમની કોમ્યુનિટીના સભ્યો પણ જોડાયા અને સાથ આપતા. શ્રાવણ માસ અને રમઝાન માસ એકસાથે આવ્યો હોય ત્યારે નસીમબેન બહુ ખુશ થતાં અને એકસાથે બંને ધર્મના બહેનો તહેવારની ઉજવણી કરી આનંદ માણતાં. એમાં પણ નવરાત્રિના તહેવારની તો નસીમબેન આતુરતાથી રાહ જોતા. નવરાત્રિનો તહેવાર તેમના એરિયામાં બધાંનાં સાથ સહકારથી ગરબો મૂકવો, છબિ મૂકવી, આરતી કરવી તેમ જ પ્રસાદ તો તેમના તરફથી જ હોય. કોઈ પણ તહેવારની ધામધૂમથી ઉજવણી કરાવતા. નસીમબેન મુસ્લિમ કોમ્યુનિટીના હોવા છતાં મંદિરમાં પૂરી શ્રદ્ધાથી માથું ટેકવી દર્શન કરતા. બન્ને ધર્મને સાથે જ રાખતા અને બહેનોને પણ એકતાનો સંદેશો આપતા. સેવા અકાદમીનો કલ્ચરલ પ્રોગ્રામ થાય તેમાં જેટલા ઉત્સાહી નસીમબેન એટલા જ ઉત્સાહી તેમની કિશોર-કિશોરીઓ અને બહેનો. ૨૦૨૦માં કોરોનાની જે મહામારી આવી અને લૉકડાઉન થયું તેમાં નસીમબેને તેમના પતિ, દીકરા અને એરિયાના આગેવાનોને સાથે રાખી સરકારી યોજના, અનાજની કીટ અને જમવાનું આપવા સુધીની બધાને મદદ કરેલી.

નસીમબેન ૨૦૦૭ એપ્રિલથી ૨૦૨૧ સુધીની સફરમાં અમારી સાથે રહ્યા. તે દરમિયાન અમે એવું જ જોયું છે કે તેઓ હંમેશાં સ્વસ્થ, નિરોગી, ઉત્સાહી, સતત કાર્યશીલ રહ્યાં છે. તેમને કોઈ વિકટ પરિસ્થિતિ હોય તો પણ અડગ મનથી તેમનું કામ પાર પાડે. હંમેશાં તેમનો ચહેરો હસતો જ હોય. નસીમબેન નિષ્ઠાવાન, નીડર, વિશ્વાસુ અને એક પ્રેરણાદાયી આગેવાન રહ્યાં. કોરોનાની મહામારીથી અસરગ્રસ્ત થયેલ લોકોને તેમણે મદદ કરી અને સાંત્વના આપી. આ કોરોનાની મહામારીની બીજી લહેરે નસીમબેનને ઝપટમાં લઈ લીધા. છતાં તેઓ હિંમત હાર્યા વગર અમારી સાથે સતત સંપર્કમાં રહેતા અને કહેતાં કે ‘મારી તબિયત સારી થશે એટલે હું ત્રીજા તબક્કાની ઝૂમ તાલીમમાં જોડાઈશ.’ નસીમબેન સાથે સતત વાતચીત થતાં એવું લાગતું જ નહોતું કે તેઓ અમને છોડીને જતા રહેશે અને આ કોરોના સામેની જંગમાં હારી જશે. પણ અચાનક ઑક્સિજન લેવલ ઘટતા નસીમબેન આપણને હંમેશાં માટે છોડીને ચાલ્યા ગયા. નસીમબેન જેવા આગેવાન ગુમાવ્યાનું ખૂબ જ દુઃખ અને અફસોસ છે. નસીમબેન તેમના ઘરની રોનક હતા. તેમના કુટુંબ અને સમાજને સાથે રાખીને ચાલતાં. નસીમબેન જેવા આગેવાન બધાના માટે પ્રેરણાદાયી હતા. તેમની યાદો, તેમના સ્મરણો અને તેમના કાર્યો સતત એમની યાદ અપાવશે. નસીમબેનની યાદો હંમેશા અમારા કામમાં સાથે રહેશે. ઈશ્વર-અલ્લાહ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે અને નસીમબેનના પરિવારના સભ્યોને આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના. તેમને શત શત વંદન.

શ્રી નમ્રતાબેન, વંદનાબેન, શાંતાબેન, સાક્ષરતા ટીમ અને સેવા અકાદમી સ્ટાફ નસીમબેનની અચાનક ચીર વિદાયથી દુઃખની લાગણી અનુભવીએ છીએ. સારા આગેવાન તરીકે તેમની ખોટ હંમેશાં સાલશે. પ્રત્યક્ષ જોવા મળતા નસીમબેન હવે છબીમાં મઢાઈ ગયા.

**જિંદગી મળવી એ નસીબની વાત છે,**
**મૃત્યુ મળવું એ સમયની વાત છે.**

મૃત્યુ પછી પણ સૌના દિલમાં જીવતા રહેવું એ જિંદગીમાં કરેલા કર્મોનું ફળ છે.

**– મીના પરમાર**

•

# છાયાબેન



અમદાવાદસ્થિત સ્વ. છાયાબેન ભાવસાર ૧ જાન્યુઆરી, ૨૦૦૦ના રોજ સેવાના કાર્યમાં જોડાયા હતા અને જીવનના અંતિમ શ્વાસ સુધી સંસ્થામાં સેવા આપી. તેમનો આખો જીવનકાળ એટલે તેમની કાર્યપ્રણાલીથી સૌ કર્મચારીને ખુશ રાખવા અને સેવાના કામોને આગળ લઈ જવા અને સાદગીથી જીવન જીવવું.

તેઓ કદમાં નાના હોવા છતાં તેમના દિલની વિશાળતા આપણને જીવન જીવવાની પ્રેરણા અને માર્ગદર્શન આપી જાય છે. સમયપાલન, નિયમિતતા, સંસ્થા પ્રત્યે વફાદારી અને પ્રાર્થના કર્યા પછી કાર્યનો આરંભ કરવો એ એમના જીવનમંત્રો હતા. જેનું તેમણે જીવનની અંતિમ ઘડી સુધી ચુસ્ત પાલન કર્યું.

તેમણે સેવા સંસ્થાને પોતાનાં કાર્યો દ્વારા ગૌરવ અપાવ્યું અને સિદ્ધિના શિખરો સર કરાવ્યા. તેમની બહુમુખી પ્રતિભા માટે ગૌરવ અનુભવીએ છીએ. તેમણે તેમનાં જીવનમાં સેવાને જ મહત્ત્વ આપ્યું છે અને બધા માણસોને સરખી નજરે જોવા તેવું તેઓ માનતા પણ હતાં અને સહકર્મચારીઓને શીખવતા પણ હતાં.

બેનની કાર્યક્ષમતા, હુનર, નેકદિલી, કર્તવ્યપરાયણતા જેવા સદ્‌ગુણોને યાદ કરીએ તો સાચા સમભાવ, ત્યાગ અને એકતાના પાઠ એમનાં તરફથી પ્રાપ્ત થયા છે અને એને અમે કદી ભૂલી શકીશું નહીં.

અંતે આપની આત્માને અપાર, અખૂટ, અણમોલ શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રભુને પ્રાર્થના. સંસ્થાના આપના દ્વારા અધૂરા કાર્યોને પૂર્ણ કરવા કટિબદ્ધ રહીશું.

સ્વ. છાયાબેનનો 'સુખી મહિલા સેવા મંડળ'ને પગભર બનાવવામાં પણ ખૂબ મોટો ફાળો રહ્યો છે. તેમના અથાગ પરિશ્રમ અને માર્ગદર્શનના કારણે આજે મંડળ સક્ષમ છે. ગમે તેવી મોટી મુશ્કેલી હોય, બેનના અનુભવ અને ધીરજથી એ કામ પાર થઈ જ જતું હતું. શરૂઆતથી ગામડાંઓમાં બેનોને બચત કરતાં શીખવવું, તેમને તેમના વિકાસને લગતી તાલીમો આપવી, ખેતીમાં આવતી મુશ્કેલીનું નિરાકરણ લાવવું અને બેનોને સારી ખેતી કરવા માટે લોન તરફ પ્રેરવા વગેરે જેવી કામગીરીઓને છાયાબેને સંકલિત અભિગમ અને ટીમવર્ક સાથે સફળ બનાવવાનો પ્રયત્ન કર્યો. છાયાબેનના માર્ગદર્શનની ખોટ તો સુખી મહિલા સેવા મંડળને હંમેશાં અનુભવાશે, પરંતુ એમના વિચારો અને કામને આગળ લઈ જઈશું એ જ એમના માટે સાચી શ્રદ્ધાંજલિ રહેશે.

છોટા ઉદેપુરના આગેવાન કમળાબેન કહે છે કે 'છાયાબેન અને મેં શરૂઆતથી જ સાથે કામ કર્યું. એમનો નમ્ર સ્વભાવ, ગમે તેવું કામ આવે તો પણ શાંતિથી એ કામને પૂરું પાડતાં. હું કામ વિશે ચિંતા કરું તો મને પ્રેમથી સમજાવતા કે કંઈ અઘરું નથી, જો આપણે ભેગા થઈને કામ કરીશું તો કામને જરૂર પાર પડીશું.' છાયાબેન મારો દાખલો આપીને બધાંને કહેતાં કે કમળાબેન અભણ છે છતાં તેમને બેનો સાથે રહીને કામ કરવાની આવડત છે. સરળતાથી રૂડીનો સામાન વેચી શકે છે અને સંસ્થાના કામને આગળ લઈ જાય છે. અમે જ્યારે અમદાવાદ જતાં ત્યારે પહેલાં છાયાબેનને જ શોધતા અને તેમણે અમને અમદાવાદમાં પણ ઘણું શીખવ્યું છે. એ જ્યારે બોડેલી આવતા ત્યારે હું એમની સાથે રાત્રિરોકાણ પણ કરતી હતી, ત્યારે હું એમને મારી અને મારા કુટુંબની વાતો પણ કહેતી હતી અને એ પણ મને એમની બધી વાત કરતા. એમને હું બધી જ વાત કહી શકતી હતી. ક્યારેય પણ સંકોચ ના થયો કે આ વાત છાયાબેનને કરી શકાય કે નહીં. છાયાબેને 'સુખી મહિલા સેવા મંડળ'માં આવી અમને કામ કરવાની પ્રેરણા આપી, તેમના માર્ગદર્શનથી અમે આગળ વધ્યા એવા છાયાબેનને ક્યારેય પણ ભૂલી ન શકાય. છાયાબેન તમારું જીવન અમારા માટે પ્રેરણા હતું અને તમારા આદર્શો અમારા માટે માર્ગદર્શન હતું. અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશું નહીં. સ્વ. શ્રી છાયાબેન આપ અમારા જીવનના પથદર્શક છો, આપની સત્યપ્રિયતા, કર્તવ્યપરાયણતા અમારા માર્ગદર્શક સિદ્ધાંતો છે, આપે સમાજ ઉત્કર્ષ માટે કરેલા નિ:સ્વાર્થ કાર્યો સદૈવ અમને સમાજ ઉત્થાન માટે પ્રેરણાબળ પૂરું પાડી રહ્યા છે, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના સાથે જય સેવા....

**– પૂર્ણિમાબેન અને બોડેલી ટીમ**

•

## લાગણી ભરેલી 'છાયા'ની ખામી અનુભવાશે...

છાયાબેનને શ્રદ્ધાંજલિ આપવા માટે મારા શબ્દકોષમાં કોઈ શબ્દ નથી. આટલી નાની ઉંમરમાં ન કલ્પી શકાય તેવી વિદાયથી કાળજું કંપી ગયું.

સેવા ખેતી ઝુંબેશને હંમેશાં ધબકતી રાખવામાં સૌથી મોટો સિંહફાળો છાયાબેનનો રહ્યો છે. સેવા ખેતી ઝુંબેશમાં ૩ લાખથી પણ વધુ ખેડૂત બહેનો જોડાયેલા છે. આ બહેનોનાં કામની ઓળખ અને તેમના પ્રશ્નોને ગામ સ્તરેથી લઈ રાષ્ટ્રીય સ્તરે તેની રજૂઆત કરી અને બહેનોને તેમના કામની ઓળખ અને આવક-રોજગારી માટે હંમેશાં પ્રયત્નશીલ રહ્યા. હંમેશાં કામને જ પોતાનું જીવન માની સેવામાં કામ કર્યું. કોઈ પણ પ્રકારનો અહમ્ એમનામાં જોવા ન મળ્યો . જિલ્લાસંચાલકથી લઈને આગેવાન સુધીનો કોઈ પ્રશ્ન હોય તેને સરળ ભાષામાં ઉકેલી આપે અને સારી રીતે તેના પાછળનું કારણ પણ બતાવે. આમ આટલી નાની ઉંમરમાં દરેક કામના અનુભવી એવા કે દરેક પ્રશ્ન તેઓ ઉકેલી આપે. જેમ કે, જિલ્લાના કોઈ ખર્ચા બાબતે હોય, કોઈ પ્રોજેક્ટમાં ક્વેરી હોય કે

પછી કોઈ બહેનોની ઘરની કોઈ સમસ્યા હોય.

હું મારી વાત કરું તો જયારથી હું સેવામાં જોડાઈ ત્યારથી છાયાબેન સાથે કામ કર્યું. તેમના માર્ગદર્શન હેઠળ હું તૈયાર થઈ. સંસ્થાકીય જ નહીં પણ વ્યક્તિગત જીવન ઘડતરમાં પણ એમનો ફાળો મૂલ્યવાન રહ્યો. મારા ચહેરાના ભાવ જોઈ મને કહે કે, 'આજે તને કઈ તકલીફ છે?' મારે એમને તકલીફ ના કહેવી હોય તો પણ કહેવી જ પડે એટલો આત્મીયતાનો સંબંધ અને તકલીફમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવે અને હિંમત પણ આપે.

સભ્ય બહેનોના પાયાના ધંધા સાથે છેક સુધી સંકળાયેલા રહ્યા. એમણે બહેનોના રોજગારી, આવક વધે તે માટે ઘણાં કામો કર્યા. આ કામોને આપણે આગળ લઈ જઈશું. એ કામોમાં છાયાબેન હંમેશાં આપણી સાથે જીવંત રહેશે.

જિંદગી હતી ટુંકી છતાં લાગણી ઘણી મૂકી ગયાં.... પ્રભુ આપના આત્માને શાંતિ અને સદ્ગતિ આપે.

**જ્યોત્સના - ખેતી ટીમ**

•

છાયાબેન નથી એ વાત હજુ મને સપના જેવી લાગે છે . હું માની નથી શકતી. છાયાબેન સાથે ખેતીમાં ઘણું કામ કર્યું. તેમણે દરેક બહેનને રોજગારી મળે તે માટે ખૂબ પ્રયત્ન કર્યા. હું અભણ બેન હતી છતાં મેં એમની સાથે રહી વાયદા બજારની કામગીરી કરી. મોબાઈલમાં ભાવ આવે તો તે કઈ રીતે જોવા, ફોટા પાડવા તે હું તેમની પાસેથી શીખી છું અને એ કામ મેં સરળતાથી પાર પાડ્યું. દરેક મિટિંગમાં હું બોલું તો મને ટોકે અને ટૂંકમાં જ કહેજો વાલીબેન પણ મને ખોટું ના લાગે અને મારી દરેક વાત હું તેમને સરળતાથી કહી શકતી. છાયાબેન સાથે ક્યાંય બહારગામ જવાનું થાય તો બહુ જ ધ્યાન રાખે અને કોઈ મિટિંગમાં વહેલા આવ્યા હોય તો ચા-નાસ્તો કરવી દે, કોઈ પણ મિટિંગ હોય મારી દીકરી જેવા. હજુ હું આ વાતને માની નથી શકતી.

ૐ શાંતિ

**વાલીબેન પરમાર**
**આગેવાન - મહેસાણા જિલ્લો**

•

મારું નામ શાંતાબેન છે. છાયાબેન સાથે મારી મુલાકાત ૨૦૦૨માં થઈ. તેમની સાથે ઘણાં કામો કર્યા. ખેતી, વનીકરણ, હરિયાળી. હું થોડી ભણેલી પણ મને કામમાં ક્યાંય અગવડ પડી નહીં કારણકે મને કંઈ ના સમજાય તો તેઓ મને કામ કરતાં શીખવાડતાં અને તેમનો પ્રેમાળ સ્વભાવ અને કામ કારવાની ધગશ ખૂબ જ. કોઈ પણ કામ હોય તો તેનો ઉકેલ લાવે અને કામને આગળ લઈ જાય. છેલ્લા બે વરસથી જાપાનીઝ ટેક્નોલોજી કાર્યક્રમ ચાલે છે તેમાં પણ તેમને જમીન શોધવામાં અમે સાથે કામ કર્યું અને તેમના અનુભવનાં આધારે જમીન શોધી અને હાલમાં આ કાર્યક્રમને બે વર્ષ થયા પણ સફળતાપૂર્વક ચાલે છે. એટલે છાયાબેનની ખોટ હંમેશાં રહેશે. છેલ્લે પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે.

**શાંતાબેન**
**આગેવાન -આણંદ**

•

મારું નામ લીલાબેન છે. આજે મારે અમારા છાયાબેન વિશે કંઈક કહેવું છે. આપણે સૌ જાણીએ છીએ. સુખી મહિલા સેવા મંડળ સાથે જોડાયેલ ખેતી ઝુંબેશની પ્રવૃત્તિમાં છાયાબેન સાથેનો સફર ખૂબ યાદગાર રહ્યો. સફરમાં હકારાત્મક મુસાફરનો સાથ મળે ત્યારે જ સફર સરળતાથી પાર કરી શકાય. સેવાની દરેક પ્રવૃત્તિમાં છાયાબેનનો હંમેશાં હકારાત્મક અભિગમ સાથે રહ્યો. તેઓ એક શ્રેષ્ઠ માર્ગદર્શિકાની ભૂમિકા પણ ભજવી રહ્યાં હતાં.

ખેતી ઝુંબેશની પ્રવૃત્તિમાં એમની ભૂમિકા એક સંગઠક તરીકેની હતી અને તેઓ તેમની આ ભૂમિકા ભજવવામાં ખૂબ સફળ રહ્યા. કામગીરી સોંપવા અને તે વિશે માર્ગદર્શન આપવા એ હંમેશાં તત્પર રહેતાં હતાં. કહેવાય છે કે વ્યક્તિની અસલ ઓળખ એ કાર્યની સાથે-સાથે સંબંધો કઈ રીતે સાચવે છે એના પર નિર્ભર રહેલ છે. આ માટે મારો વ્યક્તિગત અનુભવ હું રજૂ કરવા માંગું છું. છાયાબેન મારા એવા સમયમાં મદદરૂપ થયા છે, જે સમયે હું મારા ખરાબ સ્વાસ્થ્ય સાથે લડી રહી હતી, એ સમયે પણ તેઓએ તેમના બનતા પ્રયત્ન કરી અને મને મારા સારા સ્વાસ્થ્ય માટે માર્ગદર્શન આપ્યું હતું. એક પરિવારના સદસ્ય તરીકે મારા પ્રત્યે તેઓનું વર્તન રહ્યું હતું. તેઓની લાગણીનો વિરહ સુખી મહિલા સેવા સંઘના સભ્યબહેનોની આંખોને રડાવી જાય છે.

વિરહની કયારેય કથા નથી હોતી, બસ એની તો ફક્ત યાદો જ માણસ સાથે રહી જાય છે, એટલે જ કદાચ એ લાગણી ભરેલી 'છાયા'ની ખામી અનુભવાય છે.

અંતે બસ એક જ પ્રાર્થના કે પ્રભુ આ ભાવિલા તારલાને હંમેશાં ઝળહળતો રાખે.

'આશાઓના ફૂલ હંમેશાં તે ચૂંટતા રહ્યા, ભાવભરેલી ડાળીઓ સાથે લાગણીના સંબંધે ઝૂલતા રહ્યા, આમતેમ શોધતા પણ નથી જડતું એ મૂળને આ વૃક્ષના પાન પણ હતાશ થઈ રહ્યા, હાથ જોડી રહ્યા છે ફૂલ અને પાન બસ ઈશ્વર બનાવી રાખે આ વૃક્ષની શાન.'

મારું નામ નંદુબેન બારિયા છે. બોડેલીમાં બેન સંગઠક તરીકે એટલે એમની સાથે પરિવાર જેવા સંબંધો. ઘરની કોઈ સમસ્યા હોય કે ખેતીને લગતા કોઈ પ્રશ્ન હોય કે કોઈ કામમાં સમજ ના પડે તો તે તેમની પાસે રજૂઆત કરીએ એટલે કોઈ રસ્તો મળી જ જાય અને કામ પૂરું પડે જ. કામ કરવાની ધગશ એવી કે રાત્રિરોકાણ કરે તો રાત્રે પણ મોડા સુધી કામ કરે અને તે જોઈ અમને પણ કામ કરવાની પ્રેરણા મળતી. સુખીને અને અમારા જેવાં બહેનોને પગભર કરવામાં તેમનો ફાળો છે. તે હું ક્યારેય નહીં ભૂલી શકું.

સુખી મહિલા સેવા મંડળના તમામ સભ્યબહેનો તરફથી પરમકૃપાળુ પરમાત્માને એક જ પ્રાર્થના 'હે પરમાત્મા એ આત્માને

શાંતિ સાચી આપજો'. ઓમ શાંતિ.

**નંદુબેન બારીયા- આગેવાન**
**લીલાબેન બારીયા ખેતી ટીમ લીડર**
**જિલ્લો - છોટાઉદેપુર**

●

છાયાબેન સાથે ઘણાં વર્ષો કામ કર્યું . તેઓ ઘણાં જ નિર્મળ સ્વભાવનાં, હંમેશાં હસતાં હોય અને દરેક સાથે સહજતાથી વાત કરે. એમના વગર સેવા પરિવાર અને અમને બધાને ખૂબ જ મોટી ખોટ પડી. પણ તેમના કરેલા કામને આગળ લઈ જઈને સદાય તેમના કામને જીવંત રાખીશું. તેમના કુટુંબ પર આવી પડેલી આ દુઃખની ઘડીમાં આપણે સાથે છીએ અને પ્રભુ એમના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના. કોરોનાની મહામારીને કારણે સેવામાં બધાં ભેગાં થઈને શ્રદ્ધાંજલિ નથી આપી શક્યા પણ પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એવી સેવા પરિવાર વતી પ્રાર્થના. ઓમ શાંતિ.

**જશીબેન પરમાર**
**આગેવાન - અમદાવાદ જિલ્લો**

●

છાયાબેન માટે મન તો નથી માનતું પણ શું કરીએ એ આપણી વચ્ચે નથી રહ્યા. એ સત્ય સ્વીકારવું જ રહ્યું. તેઓ ખૂબ જ સમજદાર, કામ પ્રત્યે વફાદાર અને બીજાને મદદરૂપ કઈ રીતે થઈ શકે તેવી ભાવના રાખતાં. કામ ના થાય તો બોલે પણ તરત જ કારણ જાણી એને દૂર કરવા પ્રયત્ન કરતાં. મારો યાદગાર પ્રસંગ છેલ્લે તેઓ મારી સાથે તેમ જ આગેવાનોને ઓડિટ માટે મિટિંગ કરવા આવ્યા અને યાદ કરીને કહ્યું કે આવા સમયમાં હું બધાનું જમવાનું બનાવી લાવીશ. બધા માટે સાદું અને સાત્વિક ભોજન ખીચડી બનાવી લાવ્યા. તેમની છેલ્લી સલાહ મને હંમેશાં યાદ રહેશે કે કોઈ પણ પરિસ્થિતિમાં કામને અસર નહીં થવા દેવાની અને સાચા હોઈએ તો એની આપણા આત્માને જાણ હોય છે અને એ જ આપણો આત્મસંતોષ. હંમેશાં એવા કામ કરવાના કે રાત્રે ઊંઘ સારી આવે. છાયાબેન તમારી વાતો અને સલાહ અમને તેમજ આગેવાનોને યાદ રહેશે. ભગવાનને પ્રાર્થના કરું છું કે તમારા આત્માને શાંતિ મળે અને તમારા પરિવારને દુઃખ સહન કરવાની તાકાત આપે.

**ભારતીબેન રાઠોડ**
**ખેતી ટીમ લીડર - ગાંધીનગર જિલ્લો**

●

શ્રી છાયાબેન શાહ અમારી વચ્ચેથી આચાનક આમ વિદાય લેવાથી આજે સેવાનો એક યુગ પૂરો થઈ ગયો છે. તમારો સેવામાં રહેલો ફાળો આ સેવાનો પરિવાર હંમેશાં યાદ રાખશે...

**'ફૂલો બની ભલેને અમે તો ખરી ગયા**
**ખુશ્બૂથી કિન્તુ આપનો પાલવ ભરી ગયા'**

આજે શ્રી છાયાબેનના કામથી સેવાનો પાલવ ભર્યો છે. તમારા જીવનના અણમોલ ૧૭ વર્ષ સેવાના ભાવિ અને અમારા પાટણ જિલ્લામાં ૭ વર્ષથી આપની સાથે કામ કરવાનો અનુભવ બહુ જ સરસ રહ્યો. તમારા વિચાર અને તમારી પ્રેરણા પાટણ જિલ્લામાં ૩૦૦૦૦ ખેડૂતોના ભાવિ વિશે હરહંમેશ વિચાર કરતાં અને માર્ગદર્શન પૂરું પાડતાં. તમારી પાસેથી મળેલી વાતો અને વિચાર અમને હંમેશાં કામ કરવા પ્રેરણા આપશે. તમે અમને આપેલા માર્ગદર્શનના શબ્દો અમારા જીવનમાં ક્યારે પણ વિસરાશે નહીં. અમારા જિલ્લા પ્રત્યે રહેલો તમારો પ્રેમ અને તમારી ચિંતાની પાટણ જિલ્લાને સતત ખોટ પડતી રહેશે.

સેવાના વડલામાં એક ડાળી બનીને જોડાયા... આજે સેવા વડલામાં વડવાઈ બનીને અલગ છાપ ઊભી કરી છે... ક્યારેય પણ કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય અમારું કાળજું કંપાવી ગઈ.

પરમાત્મા તમારા પરિવારને હિંમત આપે અને તમારી દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

**કોકિલાબેન બ્રહ્મભટ્ટ અને ટીમ**
**પાટણ જિલ્લો**

●

છાયાબેન માટે શ્રદ્ધાંજલિ લખવી પડશે તેવું તો સ્વપ્નેય વિચાર્યું ન હતું. તેથી લખવું બહુ અઘરું પડે છે. હજી માની નથી શકાતું. મારી જોડે ખભેખભો મિલાવી, હસતા મોઢે દરેક જવાબદારી ઊપાડી છે. ગમે તેવું મુશ્કેલ કામ હોય, છાયાબેન ક્યારેય પાછા નથી પડ્યા.

સુખી મંડળનો વિકાસ અને એની પગભરતાનો સંપૂર્ણ શ્રેય છાયાબેનને જાય છે. આપણી આદિવાસી સભ્ય બહેનોમાં બચતની શિસ્ત લાવવી, ધિરાણ નિયમિત પરત કરવું. ધિરાણનો ઉપયોગ ધંધા-રોજગારમાં જ કરવો. છાયાબેનની આમાં અથાગ મહેનત છે.

સુખી મંડળની સાથેસાથે સેવાની ખેતી ઝુંબેશને મજબુત કરી ફક્ત ગુજરાતમાં જ નહીં પણ ભારતભરમાં. ૨૦ લાખ નાના ખેડૂતોના સંગઠનને જોડ્યા અને તેને પડોશી દેશોમાં પણ વિકસાવી. ખેતીની જોડે જ હરિયાળી ઝુંબેશને પણ સંકલિત રીતે આગળ લઈ ગયા. ખેતી ઝુંબેશ હેઠળ કપાસ, મકાઈ, જીરા, તલ, ઘઉં ને શાકભાજી ઊગાડનાર ખેડૂતોને સીધા બજાર જોડે જોડાણ કરવાનું સાહસ છાયાબેન જ લઈ શકે. છેલ્લાં ૪ વર્ષથી છાયાબેને મહારાષ્ટ્ર રાજ્યના ઔરંગાબાદ જિલ્લામાં સભ્યોને સંગઠિત કરવાનું બીડું ઝડપ્યું. જોતજોતામાં ૩૭,૦૦૦ મહિલા ખેડૂતબહેનોનું મજબુત સંગઠન ઊભું થઈ ગયું. મારા માટે છાયાબેન મારા અડીખમ, મજબૂત સાથી હતા. નવી તકો, ભારે પડકારો દરેકમાં તે સાથે ઊભાં હોય. જાણે કે મારો શ્વાસોશ્વાસ બની ગયા!

કોવિડની મહામારી ૨૦૨૦માં છાયાબેન જ સૌ પહેલાં હતાં જેમણે ચેતવ્યા હતા કે ખેતીનું કામ ઘેર રહીને કરવા પ્રયાસ કરીએ. આટલી દરકાર રાખવા છતાં બીજી લહેરના ઝપાટામાં છાયાબેન

આવી ગયા. ૭/૪/૨૦૨૧ના તેમને જણાવ્યું કે શરદી ને થોડો તાવ છે. બે દિવસ રહી તાવ ઊતરી ગયો. છતાં પણ તેમને આગ્રહ રાખ્યો કે તમે કોવિડ ટેસ્ટ કરાવી લો. ૧૨/૪ના કોવિડ ટેસ્ટ કરાવ્યો. તેમનો રિપોર્ટ કોવિડ પોઝીટીવ આવ્યો. ૧૪/૪ ના છાયાબેને મને ૧૧.૩૦ના અરસામાં ફોન કર્યો. રીમાબેન મને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. તમે કોઈક હોસ્પિટલમાં દાખલ થઈ શકાય તેમાં મદદ કરોને પ્લીઝ. બહુ જગ્યાએ ફોન કર્યા. છેવટે સાંજે ૬.૦૦ વાગે પત્તો પડ્યો. મને સાંજે ૬.૩૦એ તેમણે એમ્બ્યુલન્સમાંથી મૅસેજ કર્યો. તેઓની કોવિડની બીમારી ત્યાં સુધીમાં ગંભીર સ્વરૂપ લઈ લીધું હતું. છાયાબેન એમ હાર માને નહીં. તેથી મને પણ ઊંડે ઊંડે શ્રદ્ધા હતી કે તેઓ ગંભીર હાલતમાંથી ઊગરી જશે.

પણ ઈશ્વર ઇચ્છા. ૨જી મે ૨૦૨૧ના ડૉક્ટરોના સંકેત સ્પષ્ટ હતા કે મેડિકલી તમામ પ્રયત્નો કરી છૂટ્યા છે, હવે તો પ્રાર્થનાથી જ જો કોઈ ચમત્કાર થાય તો.

બપોરના ફોન આવ્યો તે લેવાનું મન નહોતું થતું - ને ખેર માઠા સમાચાર જ હતા. હજી છાયાબેન નજર સમક્ષ છે, આવી રીતે ચાલ્યા ગયા તે સ્વીકારાતું નથી. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે!! આપણે છાયાબેનની જવાબદારીને આગળ લઈ જઈએ તે જ તેમને ખરી અંજલિ રહેશે. સેવાએ એક નીડર, સાહસી, કર્મનિષ્ઠ અને ઈમાનદાર સંગઠક ગુમાવ્યા.

**– રીમા**

•

# અમારી સાથી આગેવાન કમલા



મારું નામ જોહરા પઠાણ. હું એક બીડીકામદાર અને સેવામાં બીડીકામદારના સંગઠક મારા સાથી કમલાબેન દડગે. ૧૯૮૩માં તેમની સાથે બીડીકામદારોના કામ કરવાનો મોકો મળ્યો ત્યારે કમલાબેન ઘરખાતા કામદારોના બીડી બનાવતા બહેનોનું સંગઠન કરતાં હતાં. તેમની કામ કરવાની રીત ખૂબ સરસ હતી. ઘણા વખત અમે સાથે મળીને કામ કર્યું. બીડીકામદારો માટે બહુ સારું કામ કરતાં હતાં. સૌથી પહેલા બીડીકામદારોને જાગૃત કર્યા. સરકાર પાસેથી સ્કોલરશિપ અપાવી. ઓળખપત્ર બનાવડાવ્યા. સરકાર સાથે મદદ કરી કાર્ડ અપાવ્યા. બીડીકામદાર હાઉસિંગ બનાવવા પણ ખૂબ મહેનત કરી. માલિક અને ઠેકેદારો સાથે ભાવવધારો કરાવવા માટે કામ કરતાં હતાં. ઘરમાં પરિસ્થિતિ સારી નહોતી છતાં બહેનોના કામ કરતાં હતાં.

સેવા બેંકમાં ઘણી બહેનોને બચત કરાવતા. બીડીવેલ્ફેરના ઘણાંબધાં કામ કરતાં. ટુર્નામેન્ટના આયોજન કરતાં હતાં. બીડીવેલ્ફેર તરફથી ભુવનેશ્વરના પ્રવાસનું આયોજન ૬૦ આગેવાનો સાથે કરેલું તે ખૂબ સારો પ્રવાસ હતો. કામદારબેનોનાં ભાવવધારા માટે ખૂબ જ મહેનત કરતાં. કમળાબેન, શારદાબેન, સુભદ્રાબેન અને હું સાથે મળીને કામનું આયોજન કરતાં હતાં. અમારા સાથીઓ ખૂબ સારાં હતાં. અમારા ઘરખાતાની ટીમ જ્યારે આવે ત્યારે મેળા જેવું લાગતું.

કમલાબેનના સમાજમાં પણ તેમને માન મળતું. તેમના મમ્મી સેવાના પ્રમુખ રહ્યાં હતાં. કમળાબેન ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કામ કરતાં હતાં. બીડીકામદારોના ઘણાંબધાં કામમાં સક્રિય હતા. સરકાર સાથે પણ બીડીકામદારોના ઘણા કામો કરતાં હતાં. એક સારા કાર્યકરતા ખબર નહીં અચાનક ત્રણથી ચાર મહિના કામ પર ના આવ્યા. પછી આવ્યા તો તેમની માનસિક હાલત સારી નહોતી અને બધા સાથે અણબનાવ થયાં અને તેના ઘરમાં પણ તકલીફ હતી. એના કારણે આ બેન અમારાથી થોડા દૂર થયા. એમને બીડી પી.એફ. કેસમાં પણ ઘણી મહેનત કરી અને બીડી હાઉસિંગ ૧૧૦ બનાવવામાં અને ૩૦૧ બીડી હાઉસિંગ બને તે માટે ખૂબ જ મહેનત કરી. આ બહેન સેવા સંગઠનથી દૂર ગયા અને સેવા બેંકમાં કામ કરતાં હતાં. જ્યારે આવે ત્યારે બધાને યાદ કરે અને કહે મનાલી ક્યાં છે? અહીંયા છે કે નહીં? મારે મળવું છે તે જ વાત કરતાં. ઘરખાતામાં કમલાબેને ૨૦ વર્ષથી વધારે કામ કર્યું. ઘણા સારા એવા કામ સમાજ માટે કરતાં હતાં. પછી તેમની હાલત ખરાબ થઈ. હમણાં કોઈ ફેક્ટરીમાં ધાગા કટિંગનું કામ કરવા જતાં હતાં.

અમે સેવામાં બેઠા હોઈએ તો આવે તો બધાને વઢતાં પણ અમે ખોટું નહીં લગાડતા. હમણાં તેમના ભાઈ કોરોનામાં ગુજરી ગયા અને તેમની તબિયત પણ બગડી. પોતે જાતે જ સિવિલમાં દાખલ થઈ ગયા. બીજા દિવસે દવાખાનામાંથી ફોન આવ્યો કે, કમલાબેન ગુજરી ગયા.

કમલાબેન પોતાના પરિવાર સાથે રહેતા હતા. તેઓ અમને આખી જિંદગી યાદ રહેશે. કામ કરવામાં ખૂબ જ હોંશિયાર અને બોલકણા હતા. ઘરખાતાની ટીમના અમારા વર્ષો જૂના સાથીઓ અમે ગુમાવ્યા છે તે લોકો અમને ખૂબ જ યાદ આવશે. ઘરખાતા કામદારોનું કામ કરનારનું આખું ટેબલ ભરેલું હતું. આજે આખું ખાલી થઈ ગયું. અમારા સાથીઓ આજે ખૂબ જ યાદ આવે છે. વર્ષો સુધી સાથે કામ કરનાર સાથીઓ આજે અમારાથી વેગળા થઈ ગયા છે એનું મને ખૂબ જ દુઃખ છે. રોજ મારા સાથીઓને યાદ કરું છું.

**– જોહરા**

•

હું સેવામાં ૧૫ વર્ષથી કામ કરું છું. અમારા સમાજના બહેનોને લાલદરવાજા સુધી આવવાની પણ હિંમત નહોતી. તે હિંમત આપનાર કમલાબેન દડગે હતા. કમલાબહેને બહેનોને જાગૃત કરી અને સેવામાં ધંધા સમિતિમાં અને પ્રતિનિધિ મંડળમાં આવતાં કર્યા. સેવામાં જોડાયા અને લવાજમનું કામ શરૂ કર્યું. સેવાએ ૧૯૮૦માં દવાખાનું ચાલુ કર્યું અને સ્કૉલરશિપના ફોર્મ ભરવાના ચાલુ કર્યા.

સ્કોલરશિપના પૈસાથી બીડીકામદાર બહેનો બાળકોને સ્કૂલમાં મોકલતા થયા અને અમારી પદ્મશાળી બહેનોની છોકરીઓ પણ ડિપ્લોમા કરી અને આજે સારી નોકરી કરવા લાગી છે. બીડીકામદાર બહેનોને બચત કરતાં શીખવી. જે બહેનો ભાડે રહેતી હતી એ બહેનોને લોન લઈને પોતાના ઘર લીધા છે. સેવાથી બીડીકામદાર માટે ૧૧૦ મકાન અપાવ્યા અને બીજા ૨૧૦ મકાન માટે બહુ જ મહેનત કરી પણ, બીડીકામદાર માટે મકાન અને જમીન મળતી નથી. બીડીકામદાર બહેનોએ રૂ. ૨૫૦ ભર્યા હતા પણ, એમને ઘણા વર્ષો પછી એ રૂ. ૨૫૦ને બદલે એમને રૂ. ૮૦૦ સેવાએ અપાવ્યા, જેમાં કમલાબેને પણ ઘણી મહેનત કરી હતી.

કમલાબેને જીવરાજ બીડીના કેસમાં ૧૫૪ બહેનો માટે લડત કરી છે. ૧૫૪ બહેનો માટે પીએફનો કેસ ચાલુ કર્યો હતો. જેમાં બહેનોને બે વખત પૈસા મળ્યા છે અને છેલ્લે પૈસા આપવાના બાકી છે. બીડીકામદાર બહેનો માટે બહુ મહેનત કરી છે, પ્રભુ તેમની આત્માને શાંતિ આપે.

— **પ્રભાબેન,** બીડી આગેવાન

•

# ઓમ શાંતિ શાંતિ શાંતિ

કમલાબેન આપણી વચ્ચે રહ્યાં નથી, પણ તેમના કરેલાં કામોની યાદી આપણી પાસે છે. એ એવાં યુનિયનના લીડર હતાં કે કામદારોના પ્રશ્નોને વાચા આપતાં હતાં. આખા પદ્મશાળી સમાજના બીડી બનાવતા બહેનોનું સંગઠન ઊભું કરેલું. તેમના માટે સામાજિક સુરક્ષા અને પ્રોવિડન્ટ ફંડ, મકાન સહાય જેવા મોટા કામ કરેલા. યુનિયનની સમજ તેમનામાં સારી હતી. માલિકો, કોન્ટ્રાક્ટરો કે સરકાર હોય દરેક સામે કામદારની રજૂઆત સારી રીતે કરતાં. છેલ્લે મારી સાથે ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ફોન પર વાત કરેલી. રમીલા હું ઘરે છું. મારા લાયક કામ હોય તો કહેજે! કોઈ માજી સાચવવાના હોય કે કોઈની માલિશ કરવાનું તો તેમના જોડે કામ બાબતે વાત થઈ તો મેં કહ્યું સારું હશે તો કહેવડાવીશ અને બે મહિના પછી મરણના સમાચાર સાંભળ્યા. કેવો છે ભગવાન બોલતા-ચાલતા માણસને ઊપાડી લે છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને તેમના પરિવાર પર આવી પડેલી મુશ્કેલીનો સામનો કરવાની શક્તિ આપે.

— **રમીલા પી. પરમાર**

•

# સેવાની કમલા

કમલા દડગે... 'સેવા'ના ઇતિહાસમાં બીડી સંગઠનમાં અનન્ય સ્થાન છે એમનું. કમલાના શરીરમાં યુનિયનનું લોહી.. જરાય અન્યાય ના સાંખે અને સાંખવા દે.. કમલાબેન આમ તો, સેવાની બીજી પેઢી. મા ગોદાવરીબેન બીડી કામદાર, આંધ્રથી સ્થળાંતરિત થયેલાં. કમલા પણ બીડી બનાવે. ગોદાવરીબેન 'સેવા'ના ચૂંટાયેલા પ્રમુખ રહી ચૂક્યાં. બીડીના ધંધામાંથી કમલા-શારદા- સુભદ્રા- જોહરાની જોડી.. બીડી સંગઠનની આજે કમલા અને શારદા નથી 'સેવા'ની સાથે. કમલા એ બીડીના સંગઠનને ખૂબ મજબૂત કર્યુ, વધાર્યું. બીડીની છાટ બંધ કરાવી, ભાવવધારો, કાઢી મૂકેલા કામદારોને પાછા રખાવવાનું, ધરણાં, રેલી, બંધમાં આગેવાની હોય જ. બીડી કામદારો તે ઘરખાતા કામદારો અને તેમાંય માલિકે 'ખરીદ-વેચાણ' પદ્ધતિ અપનાવેલી એટલે માલિક-નોકરનો સંબંધ પ્રસ્થાપિત કરવો જ અઘરો. આ માટે ૧૫૪ બીડી કામદારોને પી.એફ. મળે તે અંગે કેસ કર્યો. ૧૭ વર્ષે માલિક-નોકરનો સંબંધ પ્રસ્થાપિત થયો. કેટકેટલી કોર્ટમાં કેસ ફર્યો અને તેની ઉજવણીમાં હરખભેર ભાગ લીધો કમલાએ... પછી તેમણે સેવાબેંક સાથે સભ્યોને જોડવાનું કામ શરૂ કર્યું. રખિયાલ બ્રાન્ચમાંથી માલિકે પી.એફ. કેસમાં એક રકમ આપી. જે ૧૫૪ કામદારો સુધી પહોંચાડવામાં પણ એમનો ફાળો. હજુ હમણાં પી.એફ.ના ૩ બહેનોના પૈસા પી.એફ. ઓફિસમાંથી મળ્યાં ત્યારે એમણે ખુશ-ખુશાલ થઈને ફોન ઉપર વાત કરી. બીડી પી.એફ. કેસ એક ઐતિહાસિક પાયાનો કેસ છે જે બીજા ધંધાઓનાં સંગઠન માટે દાખલારૂપ છે. ૧૧૦ બીડીકામદારો માટે મકાન બન્યા- એરપોર્ટ આવવાથી તૂટયા. એના બદલામાં નવા મકાનો માટે જગ્યા મેળવવાની તથા 'ઔડા' પાસેથી બનાવડાવવાનાં કેસમાં તેમની આગેવાની.

તબિયત સારી ન રહેતાં, સેવામાંથી સેવાબેંકમાં ગયા પછી પણ એમનો ફોન આવે, મળવા આવી જાય. પોતે મૂળ આંધ્રના અને આંધ્રના બીડી યુનિયનોના- તેમના નેતાઓ સાથે સંપર્કમાં હંમેશા રહે. આંધ્રમાં બીડી કામદારો માટે કંઇ પણ થાય તો તરત તે અમદાવાદમાં કેમ નહીં ? એવો એમનો ભાવ રહેતો. સેવા મધ્યપ્રદેશમાં પણ બીડી કામદારોના સંગઠનની શરૂઆત કરાવી આપવામાં મોટો ફાળો. ઉત્તર ગુજરાતમાં પણ બીડીકામદારોનું સંગઠન સ્થાપેલું. રાષ્ટ્રીય સ્તરે પણ બીડી કામદારોના યુનિયનો સાથે રહીને રાષ્ટ્રીય પ્રશ્નો પર પણ ઘણાં કામ કર્યા. માલિકો, ઠેકેદારો, બીડી વેલ્ફેર વિભાગ આ બધે જ તેઓ હક માટે લડે. બીડી વેલ્ફેર વિભાગમાંથી બીડીકામદારોના ઓળખ પત્રો, બાળકોની સ્કોલરશીપ, ચશ્મા સહાય વગેરે માટે ખૂબ મહેનત કરી.

નિયમિત એમના ફોન આવે કેમ છો ?- બીડીના ૩૦૨ મકાનોનું શું થયું ? બેન, ક્યારે બધાને પી.એફ.ના પૈસા મળશે ? સવાલોની ઝડી તૈયાર જ હોય !

કમલાએ એક ઇતિહાસ બીડીકામદારોનો સેવામાં સર્જ્યો.. એમના આત્માને ભગવાન શાંતિ આપે. એમના માટે કંઇ કહેવાય નહીં ''ઉપર'' પણ 'યુનિયન' બનાવી દીધું હશે!

— *મનાલી*

•

**કમલા દડગે**

કમલા બેનનાં મૃત્યુના સમાચાર સાંભળીને મને ભારે દુ:ખ થયું. છેલ્લાં ૩૫ વર્ષથી તેઓ મારા સાથી અને મિત્ર હતાં પરંતુ પંદરેક

વર્ષથી અમારા વચ્ચેનો સંપર્ક ઘટી ગયો કારણકે તેઓ સેવા છોડી અને સેવા બેંક સાથે જોડાયા. કમલાબેન સાથેની સૌપ્રથમ મુલાકાત જ્યારે અમે યુનિયનનો વ્યાપ ગ્રાસરૂટ સ્તરે વધારવાનું નક્કી કર્યું ત્યારે થઈ. તે સમયે અમારા મોટા ભાગનાં સભ્યો શહેરમાં કામ કરનારા બીડીકામદારો, વેચનારા, ગારમેન્ટ સાથે જોડાયેલા કામદારો અને મુખ્યત્વે કોન્ટ્રાક્ટ ઉપર કામ કરનારા કામદારો હતાં. અમે અમારા સભ્યોનો સંપર્ક કર્યો અને તેમને પૂછ્યું કે તમારા વિસ્તારની સૌથી સક્રિય વ્યક્તિ કોણ છે? તે સમયના અમારા કાર્યકર્તાઓમાંથી સક્રિય કોણ છે તે પણ જાણવાનો પ્રયત્ન કર્યો. પદ્મશાળી સમાજનાં અનસુયાબેન તે સમયે બીડીકામદારોને સંગઠિત કરવાનું કામ કરતાં હતાં. તેમણે અમને કહ્યું કે કમલાબેન દડગે ખૂબ સક્રિય છે. સભ્યો સાથેની મિટિંગમાં બધાએ કમલાબેનનાં વખાણ કર્યાં . પછી અમે તેમનો ઇન્ટરવ્યૂ કર્યો ત્યારે ખ્યાલ આવ્યો કે તેઓ ખૂબ ઉત્સાહી હતા અને કામદારોના પ્રશ્નો અંગેની સમજ પણ ખૂબ સારી હતી. શોષણ અને એનો અંત લાવવા માટે યોગ્ય ન્યાયને તેઓ સમજતાં હતાં. ત્યારબાદ અમદાવાદનાં બીડીકામદારોના પદ્મશાળી જૂથે કમલા બેનનાં નેતૃત્વ હેઠળ સંગઠિત થવાનું શરૂ કર્યું. તેઓ સભ્યો સાથે દિલ અને દિમાગ બંનેથી વાત કરતાં. કામદારોનાં પ્રશ્નો શું છે, તેમનું કઈ રીતે શોષણ થાય છે, તેમનાં અધિકારો અને તેમણે તેનાં માટે શું કરવું જોઈએ તે ખૂબ સારી રીતે સમજાવતાં. તેઓ ખૂબ લાગણી સાથે બોલતાં અને તેમનાં શબ્દોની કામદારો ઉપર ઊંડી અસર થતી. આપણે જાણીએ છીએ કે સંગઠિત થવું અને માલિકો સામે માથું ઊંચકવું બહેનો માટે ખૂબ અઘરું છે કારણકે સતત મનમાં કામ છૂટી જવાનો ડર હોય છે, ઘરનાં પુરુષ સભ્યોનો ભય અને કેટલાંય વર્ષોથી માલિક અને કોન્ટ્રાક્ટર સાથે વિનમ્ર વર્તન કર્યું હોય એટલે એમની સામે માથું ઊંચકવું ખૂબ કાઠું હોય છે. વળી ઘણી વાર બહેનો એકબીજા સાથે જોડાઈને પણ નથી ઊભી રહેતી કારણ કે એમને એ અહેસાસ નથી હોતો કે સંગઠિત રહેવામાં જ સંઘર્ષ કરવા માટેની અસલ શક્તિ રહેલી છે. કમલા બહેને બીજા કામદાર બહેનોને સમજાવીને, પોતાના મતભેદો ભૂલી જઈ, સંગઠિત થઈને પોતાનો અવાજ ઊઠાવતાં કર્યા. તેમણે વિસ્તારમાં એવું વાતાવરણ ઊભું કર્યું કે જેથી બહેનો માલિકોની સામે પોતાની વાત રજૂ કરતી થઈ, દેખાવો કરતી અને જ્યારે કેટલાંક બહેનોને કામ પરથી કાઢી મૂક્યા ત્યારે હડતાલ પણ પાડી શકવાને સક્ષમ બની.

શારદાબેન એ બીજા એક બીડીકામદારોના મહત્ત્વનાં સંગઠક હતાં જે કોષ્ટી સમાજમાંથી આવતાં હતાં. શારદાબેન અને કમલાબેન સાથે કામ કરતાં જેથી બંનેવ સમાજની બહેનોને એકબીજાની નજીક લાવી શકાય. બીડીકામદારોનું કામ ઘરેથી જ થતું હોવાથી ખાસ તો કોષ્ટી સમાજની બહેનોને બહાર આવી દેખાવોમાં ભાગ લેતી કરી પોતાની વાત રજૂ કરતાં કરવી એક કાઠું કામ હતું પણ આ બંનેવ બહેનોએ એક ટીમ તરીકે કામ કર્યું અને સેવાનાં બીડીકામદારોનાં યુનિયનને ખૂબ મજબૂત બનાવ્યું.

કમલાબેન સેવા વિશે ખૂબ સરસ રીતે સમજાવી બહેનોને સંસ્થા સાથે જોડાવા તૈયાર કરતાં. તેમની મહેનત ખરેખર સફળ થઈ અને સેવામાં સૌથી વધારે પ્રમાણમાં બીડીકામદાર બહેનો સભ્ય બન્યા અને એટલે જ લાંબા સમય માટે એક બીડીકામદાર બેન સેવાનાં પ્રમુખ બની રહ્યાં... એ બીજું કોઈ નહીં પણ આપણા કમલાબેનનાં માતા ગોદાવરીબેન!

તેમની એક બીજી અગત્યની આવડત એ હતી કે એ બહુ સારી રીતે પુરાવા એકઠા કરી શકતાં. તેઓ ખાસ તો બેનોને સમજાવતાં કે માલિક અને કામદાર વચ્ચેના કામકાજના સંબંધોને પ્રસ્થાપિત કરતાં કઈ પ્રકારના કાગળના પુરાવા હોવા જરૂરી છે. તેમનાં થકી થતાં પુરાવાઓના એકત્રીકરણ થકી જ કોર્ટમાં કેસ કરી લડવાનું શક્ય બનતું હતું.

આજે મનાલીબેન અને અમદાવાદના બીડીકામદારોએ પી.એફ. અને અન્ય કામદારો માટેના લાભ અંગે લડતો કરીને જીત મેળવી છે. તેના પાયામાં શરૂઆતના તબક્કામાં કરેલી કમલાબેનની મહેનત ખૂબ જ મહત્ત્વની છે. બીડીનાં માલિકો સાથે પણ આપણા સંબંધો બદલાયા છે. શરૂઆતમાં તો તેઓ આપણને ગણકારતા જ નહોતાં, પછી ધાકધમકી આપતાં થયાં અને ત્યારબાદ વાત કરતાં થયાં. એમની સાથે યોગ્ય વાટાઘાટો કરવામાં તો ઘણા વર્ષો લાગ્યા. આજે માલિકો આપણી વાતને ગંભીરતાથી સાંભળે છે તેની પાછળ કમલાબેન અને શારદાબેનનું કામ અને મહેનત જવાબદાર છે.

કમલાબેન બહારથી આવતા લોકો સાથે પણ ખૂબ સારી રીતે વાત કરી શકતાં. તેઓ બહેનોની જિંદગી અને તેમાં સેવાની ભૂમિકા વિશે સરસ રીતે સમજાવતાં. તેમનાં અને રાજીબેન ઉપર બનેલી ફિલ્મ ‘કમલા અને રાજી’ મને હજી યાદ છે. તેમાં કમલાબેને પોતાના ઘરની પરિસ્થિતિ બતાવી ત્યારે અમારા બધાંની આંખમાં આંસું આવી ગયેલાં. કમલાબેન સેવાનાં એક આદર્શ સંગઠક હતાં... તેમની ખૂબ યાદ આવશે.

**– રેનાના**

❑

# કોરોનાઃ સેવા નેશનલ કાઉન્સિલમાં રાજ્યોની પરિસ્થિતિનો ચિતાર

૩૦ એપ્રિલ, ૨૦૨૧ના ‘સેવા’ની નેશનલ કાઉન્સિલની મિટિંગ મળી, જેમાં ૧૮ રાજ્યોનાં પ્રતિનિધિઓએ ભાગ લીધો. બધા કોવિડની પરિસ્થિતિને લઈને ચિંતિત હતાં અને સભ્યોની પરિસ્થિતિને પહોંચી વળવા જે પગલાં લીધાં તેની ચર્ચાનો સાર અહીં મૂકું છું.

દિલ્હીથી લતાબેને તો બોલવાનું શરૂ કરી જ દીધું કે દિલ્હીની પરિસ્થિતિની શું વાત કરું? આપણા એક-એક સભ્યોનાં ઘરમાં કોવિડ છે અને આપણે આપણાં સભ્યોને ગુમાવી રહ્યાં છીએ. સભ્યોની આર્થિક સ્થિતિ પણ ડામાડોળ થયેલી છે પણ અમે હિંમત નથી હાર્યા. કોવિડની જાગૃતતા માટે નાના-નાના વિડિયો, પોસ્ટર્સ અને ઓડિયો સંદેશા કરીએ છીએ. રસીકરણન વેગ મળે

તે માટે કામ કરીએ છીએ. રસીકરણની ખોટી માન્યતાઓને લીધે શ્રમજીવીઓ રસી લેતાં ડરે છે. રસીકરણ માટે નોંધણી કેવી રીતે કરવી તેનો પણ વિડિયો બનાવ્યો છે અને એનાથી સમજાવીએ છીએ. સરકારી હોસ્પિટલોમાં જગ્યા જ નથી અને ગરીબ શ્રમજીવીઓ ટ્રીટમેન્ટનાં અભાવે જાન ગુમાવી રહ્યા છે. વેચનારા, પ્રધાનમંત્રી સ્વનિધિ લોનના હપ્તાયે નથી ભરી શકતાં... છથી ૧૦ મહિના માટે આ હપ્તાં ભરવા માટેની માફી મળે તો સારું! ધંધા-રોજગાર જ ઠપ્પ થયેલાં છે. શ્રમજીવીઓને વધારાના રાશન તેમ જ રૂપિયા ૩૦૦૦ની સહાય સરકારે જાહેર કરવી જોઈએ...

અરે! મૈં મધ્ય પ્રદેશ કી બાત કરું તો... કહીને કવિતાબેને ઉમેરવા માંડ્યું કે, આપણા મધ્ય પ્રદેશના ઘણાબધાં આગેવાનો કોવિડની ઝપેટમાં આવી ગયાં છે અને જાન ગુમાવ્યાં છે. મધ્ય પ્રદેશના મહારાષ્ટ્રની સીમા પર આવેલા ગામોમાં કોવિડ ઝડપથી ફેલાઈ રહ્યો છે અને આરોગ્યની સુવિધાઓ મર્યાદિત છે. અહીં પણ રસીકરણથી આગેવાનો ડરે છે તો સભ્યોની ક્યાં વાત કરું? પણ અમે ડૉક્ટરની મદદથી આગેવાનોની સમજ કેળવી અને હવે આ આગેવાનો જ સભ્યોને રસીકરણ કેમ જરૂરી છે તે સમજાવી રહ્યાં છે... ફરક દેખાવા માંડ્યો છે. સરકારે ૧લી મેથી ૩ મહિનાનું રાશન આપશે તેવી જાહેરાત કરી છે પણ અત્યારે કમ્મર કસીને એ જોવાનું છે કે આપણા એક-એક સભ્યને આ મળે. કામની વાત કરું તો, બાંધકામ કામદારો, વેચનારા સવારના ૭થી ૧૨ કામ થોડું-થોડું કરી શકે છે, પણ ઘરેલુ કામદારોની પરિસ્થિતિ ખરાબ છે. જંગલોમાં તેંદુપત્તા તોડવાનો સમય થઈ ગયો છે. આ વખતે તો ગામડાંઓમાં કોવિડ બહુ ફેલાયો છે પણ આ વર્ષે એમને 'હેલ્થકીટ' મળે તો તેંદુપત્તા તોડનારાની આજીવિકા જળવાઈ રહે... બીજી જરૂર લાગે છે તે છે માનસિક તણાવ ઓછો કરવાની.

બિહાર...

બિહારની પરિસ્થિતિ માધુરીબેને વર્ણવી કે અહીં મૃત્યુદર ઊંચો છે. અહીં પણ સભ્યો-આગેવાનો અને તેમનાં કુટુંબીજનોના મૃત્યુ થયાં છે. હોસ્પિટલોની આધારરૂપ વ્યવસ્થા અહીં ખરાબ છે. ઘણી જગ્યાએ કોવિડના દર્દીઓને જ્યાં દાખલ કર્યા છે ત્યાં જ રસીકરણનું કામ થાય છે. લોકો રસી લેવા જતાં ડરે છે. ટાયફોડે માથું ઊંચક્યું છે. રસીકરણની જાગૃતતા માટે અમે જોરશોરથી કામ કરીએ છીએ. પાંચ વાગ્યાથી લૉકડાઉન લાગી જવાથી કામદારોને કામ ઓછું મળે છે...

ઓરિસ્સાના પરિલતાબેને કહ્યું કે, દરેકે-દરેક રાજ્યોએ પોત-પોતાને ત્યાં સરકારને પત્ર લખી જરૂરિયાતો તેમ જ ક્યાં સહયોગની જરૂર છે તે તો આપણે સહુએ કરવું જ જોઈએ.

૮૦ ટકા આપણા ઉત્તર પ્રદેશના સભ્યો કે એમના કુટુંબીજનોને કોવિડનાં લક્ષણો (એસીમટોમેટીક) છે અથવા તો કોવિડ છે. શુભાંજલિબેન દુઃખ સાથે બોલ્યાં અને આ વખતે તો કોવિડ ગામડાઓમાં પણ ખૂબ પ્રસર્યો છે. અમે તો આરોગ્ય જાગૃતતા ઉપર ખૂબ ભાર મૂકીને કામ કરીએ છીએ. જે સભ્યોને કોવિડના લક્ષણ (એસીમટોમેટીક) આવે કે તરત ડૉક્ટરનો સંપર્ક કરાવી આપીએ છીએ જેથી ગંભીરતાને ટાળી શકીએ. કારણ કે, લોકો કોવિડ ટેસ્ટને ટાળે છે, જેનાથી કોવિડ પ્રસરે છે. કોવિડની દવાઓ અને લોકોની સામાન્ય રોગપ્રતિકારકતા વધે તે કરવાની જરૂર છે.

કોવિડ ટેસ્ટને અમારા ત્યાં પણ લોકો ટાળે છે જેથી કોવિડ વકરે છે. લોકો હોસ્પિટલમાં પણ નથી જતાં. કારણ કે તેઓ એવું માને છે કે, જો હૉસ્પિટલમાં જઈશું તો મરી જઈશું. જેથી કોવિડનાં લક્ષણો તેમને જણાય તો છુપાવે છે અને તેઓ 'સુપર સ્પ્રેડર' બની જાય છે. રીનાબેને ઉત્તરાખંડની વાત મૂકી. દહેરાદુનમાં તો આરોગ્યની સુવિધા સારી છે. જિલ્લાઓની સરખામણીમાં રસીકરણનું કામ સારી રીતે ચાલે છે પણ, અમે તો બધા પહાડો પર રહેનારાં બધું બહુ દૂર-દૂર હોય એટલે દૂરનાં વિસ્તારોમાં રસીકરણ નથી થઈ શકતું. વળી, ૪૦-૪૫ કિલોમીટર દૂર રસીકરણ કેન્દ્ર હોય ત્યાં પહોંચવાનાં ૬૦થી ૧૨૦ રૂપિયા થાય અને તે પણ એક વખતના... ક્યાંથી પોસાય? તદુપરાંત લોકોમાં રસીકરણ માટેનાં ખોટા ખ્યાલો છે જે રસીકરણને ધીમું કરી દે છે. અમે તો સભ્યોને રસી લેવા માટે સમજાવીએ છીએ. પણ પર્વતીય પ્રદેશના લીધે કેટલાં લોકો રસી લે છે તેના આંકડા નથી. વળી, ઉત્તરાખંડમાં આરોગ્ય સુવિધાનું માળખું મર્યાદિત છે. વળી, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશના લોકો પણ ઉત્તરાખંડમાં સારવા માટે આવે છે. માટે ધસારો પણ રહે છે. જેથી વેન્ટીલેટરની ખેંચ છે. ગરીબ-શ્રમજીવીઓને ક્યાંથી સારવાર મળે? કામની વાત કરું તો, ઘરખાતા કામદારો પાસે કામ નથી એટલે આવક નથી!

ઘરેલુ કામદારો પાસે થોડુંઘણું કામ છે, બાકી બધા ધંધાઓમાં કોઈ કામ નથી. મને લાગે છે કે સરકારે દરેકનાં જનધન ખાતામાં ૫૦૦૦ રૂપિયા આપવા જોઈએ. અસંગઠિત ક્ષેત્રના કામદારોની નોંધણી થવી જોઈએ. અરે, મનરેગાની તો વાત કરું તો, કામદારો કામ કરવા જવા તૈયાર નથી, કારણ કે ગયા વર્ષે કામ કરેલું તેના પૈસાય હજુ પૂરેપૂરા નથી મળ્યા. રાહતના સમાચાર એ છે કે સરકારે ૧લી મે થી બે કિલો ઘઉં, ત્રણ કિલો ચોખા વ્યક્તિદીઠ દર મહિને આપવાનું જાહેર કર્યું છે.

આપણા એકેય સભ્યો બાકાત ના રહે તે અમે જોઈશું. અને હા, રસીકરણમાંય પાછું 'ઓનલાઈન' આવ્યું! 'ઓફલાઇન' શરૂ કરવું જોઈએ. ક્યાં બધાં પાસે આવા ફોન છે કે પછી બધા ક્યાં ભણેલાં છે!

જ્યોતિબેન 'સેવા'ના પ્રધાનમંત્રીએ કહ્યું કે સેવાની ઓફિસને આપણે રસીકરણ કેન્દ્રમાં ફેરવીને ઘણાં સભ્યોને રસી મળી તેમજ પહાડી વિસ્તારો, અંતરિયાળ વિસ્તારોમાં મોબાઇલ વાનથી રસીકરણ થવું જોઈએ. બધાને લાગ્યું કે એકલું રસીકરણ નહીં પણ કોઈ કોવિડ ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટની વ્યવસ્થા પણ સાથે હોય.

વેસ્ટ બેંગાલના મોમીતાબેન બોલ્યા કે અમારા બંગાળમાં તો ચૂંટણી ચાલે છે અને કોવિડ ફેલાય છે. વણકરો પાસે કોઈ કામ નથી કારણ કે માલિકોને લાગે છે કે ચૂંટણી પછી લૉકડાઉન લાગશે.... કારણ કે ઝોનલ લૉકડાઉન તો શરૂ થઈ ગયાં છે.

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
6-5-2021

બીડીકામદારો પાસે પણ પૂરતું કામ નથી. માલ્દા, મુર્શિદાબાદમાં મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું છે. કામદારો અસહાયતા અનુભવે છે. અત્યારે ૫૦+ ઉંમરના સભ્યોને રસીકરણ માટે સમજાવીને એના કેન્દ્ર પર મોકલીએ છીએ. ૧૮+ના રસીકરણ માટે 'ઓનલાઇન' અને 'ઓફલાઇન' બંને રીતે રજીસ્ટ્રેશન થશે અને મે-જૂન મહિનાનું રાશન સરકાર આપશે.

ઝારખંડે એક અઠવાડિયાનું લૉકડાઉન કર્યું છે જે ૬ મે સુધી લંબાશે તેમ લાગે છે. પણ ધંધા-રોજગાર આપણા સભ્યોનાં બંધ છે. અમુક બાંધકામ કામદારોનું કામ ચાલુ છે પણ મોટી બાંધકામની સાઇટો બંધ છે. બહુ જ અનિયમિત કામ મળે છે. કૃષિક્ષેત્રની પરિસ્થિતિ સારી છે. ઘરેલુ કામદારો પાસે કામ નથી. ગ્રામીણ ક્ષેત્રમાં પણ કોરોના ફેલાઈ ગયો છે. ૨૧ એપ્રિલ સુધી રાશનની દુકાનોથી રાશન મળ્યું છે.

આંગણવાડીઓ બંધ છે જેથી સગર્ભા બહેનો, બાળકોનું રસીકરણ તેમજ દવાઓ મળતી બંધ થઈ ગઈ છે. આ તો ચાલુ રાખવું જ જોઈએ. ગયા વર્ષે સ્થળાંતરિત મજૂરોને જનધનની સહાય મળેલી. આ વખતે આ આપવું જોઈએ તેમજ તૈયાર ખાવાનું આપવાની યોજના હોય તો સારું. બીજા રાજ્યોની જેમ ઝારખંડમાં પણ આરોગ્ય સુવિધા મર્યાદિત છે. નિશાળો, હોલ, કોવિડ સેન્ટરમાં તબદીલ કરેલાં છે. સરકારના પ્રયાસો આ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટેના દેખાઈ રહ્યા છે હોસ્પિટલોમાં અફરાતફરી છે. ડરનો માહોલ છે.

પંજાબના હરશરણબેને કહ્યું કે પંજાબમાં ડરનો માહોલ નથી. લોકો ડરતા નથી. ખેડૂતોનો વિરોધ બોર્ડર પર ચાલી રહ્યો છે અને લોકો ત્યાં આવ-જા કરી રહ્યા છે. ટેસ્ટને ટાળી રહ્યા છે કારણ કે તેમને હોસ્પિટલોમાં નથી જવું. પંજાબમાં પણ મર્યાદિત આરોગ્યની સગવડો છે. રસીકરણ માટે બધાની તૈયારી નથી. ૩૦થી ૪૦ ટકા સ્થળાંતરિત કામદારો જેવું કામ બંધ થયું કે પાછા ગયા છે. ઘરેલું કામદારોને કામ મળી રહ્યું છે. સેવાએ સભ્યોનો તણાવ ઓછો થાય તે માટે કામ કરવાની જરૂર છે.

ફાતિમાબેન :

મુંબઈની પરિસ્થિતિ ખૂબ ખરાબ છે. ફાતિમાબેન ધારાવીમાં રહે છે. એમાંય ધારાવીમાં ખાસ કરીને રસીકરણ અને ટેસ્ટમાં.

નાસિકમાં બધું કંટ્રોલમાં છે. ઘરેલુ કામદારો કામે જાય છે પણ ઓળખપત્ર માલિક માંગે છે. બાંધકામ કામદારો વેલ્ફેર બોર્ડની સવલતોનો લાભ નથી લઈ શકતા કારણ કે, ઢગલાબંધ કાગળિયાઓ બોર્ડની નોંધણી વખતે જોઈએ માટે નોંધણી નથી કરાવતા. હોસ્પિટલો ઉભરાય છે દર્દીઓથી.... ડોક્ટર પાસે જવાનું કે હોસ્પિટલમાં જવાનું ટાળે છે બધા... મિટિંગ પૂરી કરતાં પહેલાં બધાએ શાંતિ, દરેકનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે પ્રાર્થના કરી.

અસ્તુ.

**- મનાલી**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-5-2021**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001